# સત્યાગ્રહ છાવણી ખાતે હડતાલ પર ઉતરેલા ૩ એલઆરડી મહિલાઓની તબિયત લથડી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં બિન સચિવાલય ઉમેદવારોના આંદોલનને પગલે બિન સચિવાલયની પરિક્ષા સરકારે રદ કરી છે. પરંતુ શહેરની સત્યાગ્રહ છાવણી આંદોલનકારીઓથી ભરાયેલી જોવા મળે છે. એલઆરડી પરીક્ષાના મેરીટમાં અન્યાય થયો હોવાનો આક્ષેપ સાથે એસસી, એસટી, અને એસઈબીસી મહિલા ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન ચલાવી રહ્યા છે, જેમાં રવિવારના રોજ સાંજના સુમારે ત્રણ મહિલા ઉમેદવારોની તબિયત લથડતા તેઓને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ રાજય સરકરા દ્વારા ઓગસ્ટ ૨૦૧૮માં પોલીસ વિભાગની એલઆરડી સંવર્ગની ૯૭૧૩ જગ્યાની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત બહાર પડી હતી. આ ભરતીમાં મહિલાઓ માટે ૩૦૭૭ જગ્યાઓ ખાલી હતી. એલઆરડીની પરિક્ષા સરકારે ૬ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ લીધી હતી. ત્યારે આ પરીક્ષાનું મેરીટ તા.૩૧ ઓકટોબરના રોજ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ઉચ્ચ મેરીટવાળી મહિલાઓને કવોટામાં જ બેઠક ફાળવી દેવામાં આવી છે. અનામત કેટેગરીની વધુ ગુણ ધરાવતી મહિલા ઉમેદવારોનું માનવુ છે કે બિન અનામત કેટેગરીમાં સામેલ નહી કરીને તેઓ સાથે અન્યાય કરવામાં આવ્યો છે. જેને પગલે છેલ્લા કેટલાક દિવસોથી એલઆરડી મહિલા ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન ચલાવી રહ્યા છે. ત્યારે આજે સાંજના સુમારે કૈલાશબા રોજાસડા, સોનલબેન રમેશસિંહ સોલંકી અને વિદ્યાબેન લલ્લુભાઈ સોલંકી મહિલા એલઆરડી ઉમેદવારની તબિયત લથડતા તેઓને તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને સારવાર આપવામાં આવી હતી.

# નેશનલ સ્કૂલ ગેમ્સની સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં ગુજરાતને પાંચ મેડલ્સ

## ગુજરાતને ૨ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મળ્યાં જેમાંથી ૩ મેડલ્સ ટીમ ઈવેન્ટમાં અને ૨ મેડલ્સ વ્યક્તિગત ઈવેન્ટમાં મળ્યો

ગાંધીનગર, તા.૨૨

તાજેતરમાં મધ્યપ્રદેશના દેવાસ ખાતે તા. ૧૪ થી ૧૮ ડિસેમ્બર દરમ્યાન યોજાયેલ ૬૫મી નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૧૯-



૨૦માં ગુજરાતની સોફ્ટ ટેનિસ ટીમે ૨ સિલ્વર અને ૩ ગોલ્ડ મેડલ જીતી ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું છે. કુલ પાંચ મેડલ્સ પૈકી ત્રણ મેડલ્સ ટીમ ઈવેન્ટમાં મળ્યા છે અને બે મેડલ્સ વ્યકિતગત ઈવેન્ટમાં પ્રાપ્ત થયા છે.

નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૧૯-૨૦ની સોફ્ટ ટેનિસ ટૂર્નામેન્ટમાં મહિલા ટીમે અન્ડર-૧૪ કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ટીમે કવાર્ટર ફાઈનલમાં છત્તીસગઢને ૨-૧થી અને સેમી ફાઈનલમાં મધ્યપ્રદેશને ૨-૦થી હરાવી ફાઈનલ પ્રવેશ કર્યો હતો પરંતુ ફાઈનલમાં મહારાષ્ટ્ર સામે ૨-૧થી પરાજય થતાં રજતચંદ્રકથી સંતોષ માનવો પડયો હતો. પુરુષ ટીમની બે કેટેગરી અન્ડર-૧૪ અને અન્ડર-૧૭માં બંને ટીમોએ બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યા હતા. જેમાં અન્ડર-૧૪ ટીમે કવાર્ટર ફાઈનલમાં પંજાબને ૨-૦ થી હરાવ્યા પછી સેમિફાઈનલમાં દિલ્હી સામે ૨-૧થી હાર થઈ હતી ત્યારબાદ તૃતીય સ્થાન માટે મહારાષ્ટ્રને ૨-૧થી પછાડયું હતું. અન્ડર-૧૭ની ટીમે કવાર્ટર ફાઈનલમાં પંજાબને ૨-૦થી હરાવ્યા બાદ સેમી ફાઈનલમાં મધ્યપ્રદેશ સામે ૨-૧થી પરાજયનો સ્વાદ ચાખ્યો પરંતુ ફરી સીબીએસઈની ટીમને ૨-૧થી હરાવી કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો.

વ્યકિતગત સ્પર્ધામાં અન્ડર-૧૭ વય જુથમાં હાર્દિકસિંહ વાઘેલાએ સિલ્વર મેડલ મેળવ્યો જેમાં તેમણે કવાર્ટર ફાઈનલમાં સીબીએસઈના જસવંતકુમારને ૩-૨થી અને સેમીફાઈનલમાં મહારાષ્ટ્રના ઓમ કાકડને ૩-૧થી હરાવ્યા બાદ ફાઈનલમાં દિલ્હીના મૈત્રેય રાણા સામે ૩-૧ થી હારી જતા સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ ઉપરાંત વંશ ડોરિયાએ કવાર્ટર ફાઈનલમાં ગુજરાતના જ જયોતિર્મય મેહતાને ૩-૧થી હરાવ્યા બાદ સેમી ફાઈનલમાં તેમની દિલ્હીના મૈત્રેય રાણા સામે ૩-૧થી હાર થતા બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડયો હતો. આમ ગુજરાતની ટીમને આ ટૂર્નામેન્ટમાં કુલ ૫ મેડલ્સ મળવા પામ્યા હતાં.

# વન સંશોધન કેન્દ્ર ગાંધીનગર ખાતે ગાયત્રી વિદ્યામંદિર લીહોડાના વિદ્યાર્થીઓની પ્રકૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

દહેગામ તાલુકાના લીહોડા સ્થિત ગાયત્રી વિદ્યામંદિરના વિદ્યાર્થીઓની ત્રણ દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર વન સંશોધન કેન્દ્ર ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

આ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં વન વિભાગના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને વન્યજીવ સૃષ્ટિ વનસ્પતિ તેમજ પર્યાવરણ સમસ્યાઓ વિશે વિશેષ જણકારી આપવામાં આવી હતી. વનભ્રમણ પર્વતારોહણ, પક્ષી અવલોકન, ચિત્ર સ્પર્ધા પ્રકૃતિ સંવર્ધનના નાટયરૂપાંતર વગેરે જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### સમદર્શન પરિવારની શ્રીમદ્‌ભાગવત કથાનું સમાપન

# કેશવનું કિર્તન એજ કલિયુગમાં કલ્યાણ માટેનો એકમાત્ર ઉપાય છે : પૂ.ગુરુમા

## પૂ.ગુરુમાની સૌને જીવનમાં ભક્તના લક્ષણો અપનાવવાની શીખામણ, દર વર્ષે મૂલ્યાંકન કરો અને ગુણોમાં વધારો કરતા રહો

ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં બિરાજમાન ભગવાન શ્રીકૃપાનિધિ મહાદેવજીના દ્વાદશ વર્ષ પૂર્ણ થયાના પ્રસંગે આયોજિત પૂ.ગુરુમા સમાનંદ સરસ્વતીજીની શ્રીમદ્‌ભાગવત કથા શનિવારે વિરામ પામી હતી. આશ્રમના દિવ્ય પરિસરમાં યોજાયેલી આ કથા અંતર્ગત હજ્જારો ભાવિક શ્રોતાઓએ અલૌકિક અનુભૂતિ કરી હતી. શ્રીમદ્‌ભાગવત કથાના સમાપને





પૂ.ગુરુમાએ કહ્યું કે, આ કલિયુગમાં કેશવનું કિર્તન એ જ કલ્યાણ માટેનો ઉપાય છે. મનુષ્ય ગમે તેટલી પ્રવૃત્તિ કરે અંતે તો તેણે નિવૃત્તિની ગોદમાં જ આશ્રય લેવાનો છે.

૧૫ મી ડિસેમ્બરથી પ્રારંભ થયેલી શ્રીમદ્‌ભાગવત કથા સાતમા દિવસે સંપન્ન થઈ હતી. ભક્તિથી તરબોળ શ્રોતાઓને સંબોધતાં પૂ.ગુરુમાએ કહ્યું હતું કે, કળિયુગમાં માત્ર ભગવાનના ભક્તો જ શક્તિ અને શાંતિથી રહી શકશે. ભગવાનના સંકિર્તનથી જ પ્રભુ પ્રાપ્તિ થશે. માટે ઈશ્વર અને ગુરુની સેવા અને અનુષ્ઠાન કરતા રહો. જગતની નિંદા કરવાથી કંઈ જ પ્રાપ્ત થતું નથી. સ્વયં વિચક્ષણ બનો. જગતનું અવલોકન કરતા રહો, નિરંતર શીખતા રહો. આંતરનિરિક્ષણ રૂપી ઉપાય અપનાવવા જેવો છે. ઈશ્વરાર્પણ ભાવનાથી વેદ વિહિત કર્મ કરતા રહો.

પૂ.ગુરુમાએ સૌને સારા ભક્ત બનવાની શિખામણ આપી હતી. અને ભક્ત તરીકે મનુષ્ય કેવો હોવો જોઈએ એનું ભાગવત સંદર્ભે નિરૂપણ કરતાં કહ્યું હતું કે, કરૂણાની મૂર્તિ બનો. હંમેશા પ્રસન્ન રહો. જીવનમાં બધું જ સહન કરો. જીવનનો જે સાર છે તે સત્ય છે, સત્યને જ જીવન બનાવો. પાપ-વાસનાથી પર રહો. હંમેશા સમદર્શન રાખો. બીજાનું ભલું જ કરવાની ભાવના રાખો. બુદ્ધિને ક્યારેય કલુષિત ન થવા દો. સંયમી બનો. સ્વભાવ હંમેશા મધુર રાખો. પવિત્ર રહો. સંગ્રહ-પરિગ્રહથી દૂર રહો. સુખની પ્રાપ્તિ માટે વિશેષ ચેષ્ટાઓ ન કરો. હંમેશા પરિમિત ભોજન ગ્રહણ કરો. સ્વભાવથી શાંત રહો. બુદ્ધિ હંમેશા સ્થિર રાખો. હંમેશા ઈશ્વર પર ભરોસો રાખો. પ્રમાદ રહિત જીવન જીવો. વ્યક્તિત્વ ગંભીર અને ધૈર્યવાન હોવું જોઈએ. હંમેશા મિત્રતા રાખો. સર્વ પ્રતિ સન્માન રાખો. હંમેશા ઈશ્વરની સેવા-પૂજા કરો. ઈશ્વરને સમર્પિત જીવન જીવો. પૂ.ગુરુમાએ જીવન કેવું જીવવું જોઈએ એમ કહીને જણાવ્યું કે, દરેક વ્યક્તિએ પોતાનામાં આટલા ગુણ છે કે નહીં તેનું સતત નિરિક્ષણ કરતા રહેવું જોઈએ. વર્ષના અંતે પોતાનું જ મૂલ્યાંકન કરવું જોઈએ અને ધીમે ધીમે પોતાનામાં આ ગુણોનો વધારો થતો રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

પૂ.ગુરુમાએ કથાને વિરામ આપ્યો ત્યારે ઉપસ્થિત સૌ શ્રોતાઓની આંખોમાં વિરહના અશ્રુ હતાં. પુનઃ આવી કથાનું શ્રવણ કરવાનું સદ્‌ભાગ્ય ક્યારે પ્રાપ્ત થશે એની જિજ્ઞાસા જણાતી હતી.

કથા વિરામ સમયે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા, અગ્ર સચિવ શ્રી પૂનમચંદ પરમાર, અગ્ર સચિવ શ્રીમતી જયંતી રવિ અને ગાંધીનગરની વિવિધ સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકારના નિવૃત્ત નાણા સચિવ શ્રી હસમુખભાઈ અઢિયાએ સતત સાત દિવસ સુધી ભાગવત કથા શ્રવણ કર્યું હતું. સમાપન વેળાએ તેમણે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. મુખ્ય યજમાન શ્રી કિરીટભાઈ અધ્વર્યુ અને શ્રીમતી સીમાબેન કનાડીયાએ પણ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. કથાના સમાપને સૌ શ્રોતાજનો માટે સમદર્શન પરિવાર તરફથી મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. પૂ.ગુરુમાની ઉપસ્થિતિમાં સૌ ભાવિક - ભકતોએ મહાપ્રસાદ માણ્યો હતો. ગાંધીનગરમાં એક મહોત્સવ સંપન્ન થયાની લાગણી વર્તાતી હતી.

# કેબિનેટના સભ્યોનો હિસાબ: દિલ્હીમાં PM જે કાર્ય કરે તે ગુજરાતમાં CM પણ કરી શકે છે!

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

કેન્દ્ર કે રાજ્ય સરકાર અધિકારીઓ તેમજ કર્મચારીઓની કામગીરીનું મૂલ્યાંકન નક્કી કરતી હોય છે તેવી જ રીતે કેબિનેટના મંત્રીઓનું પણ મૂલ્યાંકન હોવું જોઈએ તેવું ગુજરાતના એક સિનિયર અધિકારીએ કહ્યું છે. નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ કેબિનેટના સભ્યોનું પરફોર્મન્સ જોતા હતા પરંતુ તેમના દિલ્હી ગયા પછી છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત સરકારમાં કેબિનેટના

## અહીં એક એવા સંવેદનશીલ મંત્રી છે કે, કામગીરી નબળી પણ અવાજ બુલંદ છે

સભ્યોનું પરફોર્મન્સ મેળવવામાં આવ્યું નથી. ક્યા મંત્રી કેવું કામ કરે છે અને ક્યા મંત્રીએ કેવા પ્રકારના નિર્ણયો લીધા કે કેટલા કામો કર્યા તેનો હિસાબ સામાન્ય રીતે મુખ્યમંત્રીએ લેવાનો હોય છે. ગુજરાતમાં મોદી આવું કરતા હતા. હવે તેઓ વડાપ્રધાન છે તેથી કેન્દ્રીય કેબિનેટના સભ્યોનું પરફોર્મન્સ જુવે છે. તાજેતરમાં જ તેમણે આદેશ આપ્યો હતો કે કેન્દ્રના પ્રત્યેક મંત્રીએ તેમના કામનું પરફોર્મન્સ બતાવવું પડશે. આ અધિકારી કહે છે કે ×સરકારમાં જો આવું મૂલ્યાંકન થાય તો નાગરિકોની ફરિયાદોમાં નિયંત્રણ આવી શકે અને પ્રજાલક્ષી યોજનાઓ શરૂ કરવામાં સૂચનો મળતા રહે. પેન્ડીંગ ફાઈલો માટે માત્ર અધિકારીઓ જ નહીં, રાજ્ય સરકારના મંત્રીઓ પણ એટલા જ જવાબદાર હોવા જોઈએ. આ સપ્તાહમાં રૂપાણી તેમની બીજી ટર્મના શાસનના બે વર્ષ પૂર્ણ કરી રહ્યાં છે ત્યારે તેમણે કેબિનેટના સભ્યો પાસેથી હિસાબ માગી આ પરફોર્મન્સના આધારે કેબિનેટનો વિસ્તાર અને વિભાગોમાં ફેરફારો કરવા જોઈએ.

**● કૃષિમંત્રી-- કામગીરી નબળી પણ અવાજ બુલંદ...**

કોણ કહે છે કે ભાજપની સરકાર સંવેદનશીલ નથી, ખોટી વાત છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી જેટલા સંવેદનશીલ છે તેટલા તેમના વિભાગના કેટલાક મંત્રીઓ પણ છે. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની વાત ન્યારી છે. અલગ છે. તેમની કામ કરવાની પદ્ધતિ એવી છે કે કોઈ સાચો અને ન્યાયની વાત કરતો મુલાકાતી તેમની ચેમ્બરમાં ક્યારેય નિરાશ કે નારાજ થતો નથી. ગુજરાત સરકારના કૃષિ અને વાહન વ્યવહાર મંત્રી આર.સી.ફલદુની કામ કરવાની પદ્ધતિ પણ કાબિલેદાદ છે. વિભાગની કામગીરીમાં ભલે તેઓ નબળા સાબિત થયાં છે પરંતુ તેઓ ઓફિસમાં હોય ત્યારે પ્રત્યેક મુલાકાતીને મળે છે. મુલાકાતીની હાજરીમાં જ વિભાગના ઉચ્ચ અધિકારી સાથે વાત કરીને વિષયને પરિણામલક્ષી પૂર્ણ કરવાની સીધી સૂચના આપે છે. તેઓ કહે છે કે, 'હું અરજદાર ભાઈને આપની પાસે મોકલું છું, તેમને ન્યાય આપજો, નિરાશ કરશો નહીં.' એક કેસમાં તો તેમણે વિભાગના અધિકારીને ત્યાં સુધી કહ્યું હતું કે- "આવા બકવાસ આદેશો મહેરબાની કરીને બહાર પાડશો નહીં. આપણે લોકોની સેવા કરવા માટે બેઠાં છીએ. દૂર અંતરથી આવેલો મુલાકાતી નિરાશ થઈને પાછો જાય તો તેમાં સરકારનું નુકશાન છે. તમે તઘલખી નિર્ણયો લઈ શકો નહીં..."

**● ભીડ વચ્ચે સ્વર્ણિમ સંકુલમાં શ્વાસ રૂંધાય છે...**

સોમવારે જનતાના દિવસે તેમજ મંગળવારે ધારાસભ્ય અને સંસદસભ્યના અનામત દિવસે સચિવાલયમાં એટલી મોટી સંખ્યામાં ટોળાં આવે છે કે સ્વર્ણિમ સંકુલના તમામ મજલા સબ્જી માર્કેટ જેવા બની જાય છે. કેટલીક વખત સલામતી રક્ષકોને ટ્રાફિક કન્ટ્રોલ કરવો અઘરો પડે છે. સચિવાલયમાં કામો થાય છે તેવી છાપ લઈને જતાં મુલાકાતીઓને ક્યાંય સારો તો ક્યાંક ખરાબ અનુભવ થાય છે. ગાંધીનગરનું સ્વર્ણિમ સંકુલ આ બન્ને દિવસોએ હાઉસફુલ હોવાનું મુખ્ય કારણ એ છે કે એક ધારાસભ્ય સચિવાલયમાં એન્ટ્રી લેતા હોય છે ત્યારે તેમની પાસે ૧૫ થી ૨૦ સમર્થકોનું મોટું ટોળું જોવા મળે છે. એક કામ માટે આટલી મોટી સંખ્યામાં સમર્થકો લાવવાનું કારણ મંત્રીઓના અગત સ્ટાફને પણ સમજાતું નથી. ઘણી વખત મુલાકાતીઓની ભીડ વધી જતાં શ્વાસ રૂંધાય છે. સ્વર્ણિમમાં જેવી ભીડ હોય છે તેવી ભીડ સચિવાલયના પાર્કિંગ પ્લોટ્સમાં પણ જોવા મળે છે. મુલાકાતીઓ વધતા સંકુલ નાનું પડે છે, પરંતુ માર્ગ-મકાનના ઈજનેર કહે છે કે આ સંકુલનું એક્સપાન્શન કરવું શક્ય નથી. જો એના કરતાં મુખ્યમંત્રી અને મંત્રીઓની ઓફિસો સચિવાલયમાં (પહેલાં હતી ત્યાં) હોય તો શ્વાસ રૂંધાવાનો કોઈ પ્રશ્ન ઉભો થઈ શકે નહીં.

**● કૃષિ સેક્ટરમાં ઉદ્યોગોનું રોકાણ થવું જોઇએ...**

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રને ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવ્યો છે પરંતુ આ દરજ્જા પ્રમાણે કામ થતાં નથી. કૃષિને જો ઉદ્યોગનો દરજ્જો હોય તો નરેન્દ્ર મોદીના નકશે કદમ ગુજરાતમાં એગ્રીકલ્ચર વાયબ્રન્ટ સમિટ કેમ થતી નથી. છેલ્લે ૨૦૧૧માં જ્યારે મોદીએ ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટ કરી હતી ત્યારે તેમણે જાહેરાત કરી હતી કે હવે ગુજરાતમાં એક વર્ષ એગ્રીકલ્ચર સમિટ થશે અને એક વર્ષ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ થશે. ૨૦૧૩માં સપ્ટેમ્બર મહિનામાં મોદીના નેતૃત્વમાં મહાત્મા





## ઉદ્યોગ જૂથો ખેડૂતોના ખેતર લીઝ પર લઇ સજીવ ખેતીના કરી શકે?, વિચાર કરો

મંદિરમાં જાયન્ટ એગ્રીકલ્ચર ગ્લોબલ સમિટ થઈ હતી. મોદીએ કહ્યું હતું કે હવે દર બે વર્ષે એગ્રી સમિટ થશે પરંતુ બે વખત થયા પછી આ સમિટ બંધ કરી દેવામાં આવી છે. રાજ્યના કૃષિ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ×કૃષિ સમિટનો ઉદ્દેશ ખેડૂતો માટે હોય છે. તેમના વ્યવસાયમાં પણ નવું મૂડીરોકાણ આવે તે જરૂરી છે. તેમને પણ ઉદ્યોગ જેવા પ્રોત્સાહન મળવા જોઈએ. ઉદ્યોગોને ખેતી કરવા માટે સરકાર ખેડૂતોની જમીન લીઝમાં અપાવી શકે તેમ છે. આપણે બે વર્ષે એક ગ્લોબલ એગ્રીકલ્ચર સમિટ કરવી જોઈએ કે જેથી ખેડૂતો અને ખેતીને પ્રોત્સાહન મળી રહે.

**● સરકારમાં વિભાગવાર ટ્રેઇનિંગ સેન્ટર બનાવો...**

નિવૃત્ત થયેલા ઓફિસરને રિ-એપોઈન્ટ કરતી ગુજરાત સરકાર એવું માને છે કે અનુભવી કર્મચારીઓ વહીવટી કામમાં ઝડપ લાવી શકે છે. સરકારને તેના અનુભવનો નિચોડ મળે છે. કાયદા કાનૂનનું પણ તેને જ્ઞાન હોય છે. જો કે સરકારની આ સોચ ભૂલભરેલી છે, કેમ કે એક યુવાન જેટલું ઝડપથી કામ કરે છે તે નિવૃત્ત થયેલો ઓફિસર કરી શકતો નથી. નવા જોડાયેલા કર્મચારીને વિભાગની કામગીરી ફાવતી ન હોય તો તેને શિખવા માટે એક કે બે મહિના બસ છે. સરકારના વિવિધ વિભાગો તેમજ અર્ધસરકારી સંસ્થાઓમાં અંદાજે ૨૫૦૦ જેટલા કર્મચારીઓ વયનિવૃત્તિ પછી પણ નોકરીમાં ચાલુ છે પરંતુ સરકારે ટ્રેઈનિંગ સેન્ટર બનાવીને નવા કર્મચારીઓને તાલીમ આપી શકે તેવા અનુભવી નિવૃત્ત અધિકારીઓને પોસ્ટીંગ આપવા જોઈએ કે જેથી નવી પેઢી તૈયાર થઈ શકે. આ નિયુકિત વિભાગવાર કરવી જોઈએ. જેમ કે મહેસૂલના અનુભવી નિવૃત્ત અધિકારીને મહેસૂલના નવા કર્મચારીઓને તાલીમ આપવાનું કામ સોંપવું જોઈએ. સચિવાલયમાં ૪૫ ટકા જેટલી ઓફિસો ખાલી પડી છે તેમાં સરકારના વિવિધ વિભાગ પ્રમાણેના ૨૬ ટ્રેઈનિંગ સેન્ટરો ખોલી શકાય તેમ છે.

**● શૂટીંગના સ્થળોમાં મંદિર, સ્ટેચ્યુનો સમાવેશ...**

ગુજરાતમાં દર મહિને એક ગુજરાતી ફિલ્મ બને છે અને તેના શૂટીંગનું લોકેશન ગુજરાતની જ ભૂમિ હોય છે. હાલ રાજ્યમાં ગુજરાતી ફિલ્મોનો ક્રેઝ છે તેથી ફિલ્મ નિર્માતાઓ વધુને વધુ ફિલ્મો બનાવી રહ્યાં છે. ફિલ્મોના શૂટીંગની વધતી જતી માગણીને ધ્યાને લઈને રાજ્ય સરકારે વિવિધ સ્થળોએ ફિલ્મો માટે શૂટીંગની પરવાનગી આપી છે. ભૂતકાળમાં અનેક હિન્દી ફિલ્મોના શૂટીંગ ગુજરાતમાં થયા છે પરંતુ તે સમયે ફિલ્મના નિર્માતા-નિર્દેશકોને ખબર ન હતી કે ગુજરાત પાસે શૂટીંગના લોકેશનનો ખજાનો છે. ગુજરાત સરકારે પ્રથમવાર ટુરિસ્ટ ડેસ્ટીનેશનની જેમ ફિલ્મ શૂટીંગ માટેના લોકેશન શોધી કાઢ્યા છે. બોલીવુડની ફિલ્મો હવે ગુજરાતની ધરતી ઉપર પણ બની શકે છે, કેમ કે રાજ્યના ટુરિઝમ કોર્પોરેશને ફિલ્મ શૂટીંગ માટેના એવાં ૧૦૦ જેટલા સ્થળો નક્કી કર્યા છે કે જ્યાં ફિલ્મ શૂટીંગ માટેની જગ્યા ભાડે આપવામાં આવશે. ગુજરાતના ઉત્તમ લોકેશનમાં સૌ પ્રથમ સાપુતારા આવે છે, ત્યારપછી પોળોના જંગલો આવે છે. એ ઉપરાંત હાલના ટુરિસ્ટ ડેસ્ટિનેશનમાં દરિયાકિનારાના સ્થળો, કચ્છનું રણ, ધોળાવીરા જેવા પૌરાણિક શહેરો, ધાર્મિક સ્થળો, રજવાડી મહેલો તેમજ અભ્યારણ્યોનો સમાવેશ થાય છે. ટુરિઝમ કોર્પોરેશને ગાંધીનગરના

## મોદીએ યુપીએ શાસન સમયે વાપરેલાં સૂત્રો- ભાજપે ખરીદ્યા, કોંગ્રેસ વાપર્યા

મહાત્મા મંદિરની જેમ સ્ટેચ્યુ ઓફ યુનિટીને પણ ફિલ્મ શૂટીંગ માટે પસંદ કર્યું હોવાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે પણ ફિલ્મોના શૂટીંગ થશે. આ બન્ને સ્થળોનો ફિલ્મ શૂટીંગમાં સમાવેશ થતાં એવું કહી શકાય કે મહાત્મા ગાંધી અને સરદાર પટેલના સ્મારકો સરકારને રોકડી કરાવી શકે છે.

**● રહેઠાણ ઓછાં થતાં જંગલી પ્રાણીઓ વસતીમાં...**

ગીર અભ્યારણ્યના સિંહો માનવવસતીમાં આવી જાય છે તે વાત તો બહુ જૂની છે પરંતુ હવે તો શહેરોના ભરચક વિસ્તારમાં પણ જંગલી પ્રાણીઓ ઘરમાં ઘૂસી જાય છે. સાબરમતી નદીમાં થઈને ગાંધીનગરના સચિવાલય સુધી દિપડા ઘૂસી જાય છે. જંગલી નીલગાય ગાંધીનગરના સેક્ટરોમાં ફરતી થઈ છે અને લોકોના આવાસમાં પક્ષીઓ ઘુસીને ફ્રુટ કે અન્ય ખાદ્યસામગ્રી પર તરાપ મારે છે. ગાંધીનગરના જંગલ વિસ્તાર અને આસપાસના ખેતરોમાં જોવા મળતું રાષ્ટ્રીય પ્રાણી મોર હવે તો જાહેર માર્ગો પર આવી જાય છે. સામાન્ય રીતે માનવીઓની વસતી વધે છે તેમ પ્રાણીઓ અને પક્ષીઓની વસતી પણ વધતી જાય છે. રાજ્યમાં પાંચ જગ્યાએ ગામડાઓમાં દિપડાએ ઘૂસીને ધમાલ કરી છે. લોકો પર હુમલા કરે છે. આવું કેમ થાય છે તેનો સીધો જવાબ વન વિભાગના એક અધિકારીએ આપ્યો છે. તેમના કહેવા પ્રમાણે-- રાજ્યમાં જંગલી પ્રાણીઓની વસતી પણ વધતી જાય છે પરંતુ તેમના રહેઠાંણ ઓછા થઈ રહ્યાં છે તેથી તેઓ માનવ વસતી તરફ આગળ વધી રહ્યાં છે. જો આપણે તેમના રહેઠાણને સાચવીશું નહીં તો માનવ વસ્તી માટે જોખમી સમય પણ આવી શકે છે.

**● રૂપિયા ખર્ચ્યા ભાજપે, વાપરે છે કોંગ્રેસના નેતાઓ...**

દેશમાં જ્યારે કોંગ્રેસ પ્રેરિત યુપીએની સરકાર હતી ત્યારે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને થતા અન્યાય માટે બનાવેલા સૂત્રો હવે કોંગ્રેસને કામ લાગે છે, કારણ કે ભાજપ હવે તે સૂત્રોને વાપરી શકે તેમ નથી. મોંઘવારી, બેકારી, નિષ્ફળ કાયદો અને વ્યવસ્થા, ગરીબોને અન્યાય અને ભાવવધારો જેવા વિવિધ મુદ્દાઓને સાંકળીને ભાજપે ચૂંટણીલક્ષી સૂત્રો બનાવ્યા હતા જેનો પ્રહાર નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પ્રેરિત યુપીએ શાસનમાં કરીને વિજય મેળવ્યો હતો. આ સૂત્રો બનાવવા માટે ભાજપે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો હતો. હવે કોંગ્રેસને જલસા પડી ગયા છે, કેમ કે પાર્ટીને નવા સૂત્રો બનાવવા માટે રૂપિયા ખર્ચવાની જરૂર નથી. કેન્દ્રનો હડહડતો અન્યાય.. કેન્દ્રનું ગુજરાત પ્રત્યે ઓરમાયું વર્તન... ગુજરાતને કેન્દ્રની થપ્પડ... આવા સૂત્રો હવે કોંગ્રેસને કામ લાગે છે. કારણ એવું છે કે કેન્દ્રમાં અને રાજ્યમાં ભાજપની સરકાર છે. કેન્દ્રનો અન્યાય હોય તો પણ-- ગુજરાત સરકારના મંત્રીઓ કે પ્રદેશ ભાજપના નેતાઓ "કેન્દ્રનો અન્યાય" એવો શબ્દ હવે વાપરી શકતા નથી. કોંગ્રેસના એક પ્રદેશ નેતાએ ટીખળમાં કહ્યું હતું કે નરેન્દ્ર મોદી દિલ્હી જતાં જતાં કોંગ્રેસને આ સૂત્રોની ગિફ્ટ અમને આપતા ગયા છે.